**ગૃહ વિભાગ**

**ગુજરાત સરકાર**

**પરિપત્ર ક્રમાંકઃજલક-૮૮૨૦૧૦-HC-૨૧-જ**

**સચિવાલય, ગાંધીનગર.**

**તારીખઃ** 20 MAY 2010

**સંદર્ભ** :(૧) ગૃહ વિભાગનો તા.૧૧/૫/૨૦૧૦નો સરખા ક્રમાંકનો પરિપત્ર

(૨) નામ.ગુજરાત હાઇકોર્ટનો ક્રિમી.મીસે.એપ્લી.નં.૪૫૨૦/૨૦૧૦માં તા.૧૩/૫/૨૦૧૦નો મૌખિક હુકમ.

**પરિપત્ર :**

રાજયની જેલોના કેદીઓને સારવારના કિસ્સામાં સંબંધિત હોસ્પિટલ ખાતે લઇ જવા માટે પોલીસ જાપ્તો માંગવા અંગે તેમજ પોલીસ જાપ્તો સમયસર પુરો પાડવા સંદર્ભે જરૂરી સૂચના સંદર્ભ(૧)માં દર્શાવેલ પરિપત્રથી સંબંધિત પોલીસ અધિકારીઓ તેમજ જેલ સત્તાધિકારીઓને આપવામાં આવેલ છે.

૨. વડોદરા મધ્યસ્થ જેલના કેદીને પોલીસ જાપ્તો સમયસર ઉપલબ્ધ નહીં થવાથી ડાયાલીસીસની સારવાર નહીં મળવાના કિસ્સામાં નામદાર હાઇકોર્ટમાં થયેલ ક્રિમીનલ મીસે. એપ્લી.નં.૪૫૨૦/૨૦૧૦માં નામદાર કોર્ટે આપેલ નિર્દેશન સંદર્ભમાં પોલીસ જાપ્તો સમયસર મળે તે માટે આ વિભાગના સંદર્ભમાં દર્શાવેલ પરિપત્રથી આપેલ સૂચના ઉપરાંત કેદીઓને સારવાર માટે હોસ્પિટલોમાં મોકલવા બાબતે સંબંધિત જેલો ઉપર જરૂરિયાત મુજબના ગાર્ડ અને જરૂર જણાયે એસ.આર.પી.ને જાપ્તાની કામગીરી માટે રીઝર્વ જાપ્તા પાર્ટી રાખવા અંગે પણ સંબંધિત પોલીસ સત્તાધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(મનોજ પટેલ)**
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુ.રા. અમદાવાદ
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ/સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ**(પો.મહા અને મુ.પો.અધિ.શ્રી મારફતે)**
- અધિક્ષકશ્રી, મધ્યસ્થ જેલ, અમદાવાદ/વડોદરા **(જે.ઇ.જ.શ્રી મારફતે)**
- અધિક્ષકશ્રી, ખાસ જેલ, પોરબંદર / પાલારા(ભુજ) - **(જે.ઇ.જ.શ્રી મારફતે)**
- સર્વે અધિક્ષકશ્રી, જિલ્લા જેલ સુરત, ભાવનગર, જામનગર, જુનાગઢ, રાજકોટ, અમરેલી ઓપન જેલ, નડિયાદ - **(જે.ઇ.જ.શ્રી મારફતે)**
- સર્વે અધિક્ષકશ્રી, સબ જેલ મોરબી, ગોંડલ, છોટા ઉદેપુર, મોડાસા, હિંમતનગર, રાજપીપળા, નવસારી, ભરૂચ, પાલનપુર, મહેસાણા, સુરેન્દ્રનગર, ગોધરા, અમરેલી - **(જે.ઇ.જ.શ્રી મારફતે)**
- ગૃહ વિભાગના સર્વે અધિક સચિવશ્રી/નાયબ સચિવશ્રીઓ તથા ઉપ સચિવશ્રીઓ
- સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ